

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આબાળગોપાળ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં, રાગાદિ પર જણાય છે એમ અજ્ઞાની પર સાથે એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો-'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

*—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૬૯૯] * **આત્મધર્મ** * [અંક-૭ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૮ જાન્યુઆરી-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી) તે બંને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. જીવ–પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે (–થાય છે) કે જ્યાંસુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ–પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી. ૭૧૫.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૫૦)*

❀ મોહને કારણે જે પદાર્થને ઈષ્ટ માનવામાં આવે છે તે જ અનિષ્ટ તથા જે પદાર્થને અનિષ્ટ માનવામાં આવે છે તે જ ઈષ્ટ થઈ જાય છે. વાસ્તવમાં કોઈ દ્રવ્ય ઈષ્ટ કે અનિષ્ટ નથી. ૭૧૬.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા–૩૬)*

❀ અબ્રહ્મભાવકા ત્યાગ બ્રહ્મચર્ય હૈ. મિથ્યાત્વભાવ મદભાવ આદિ સર્વ રાગાદિ દોષોંકા ત્યાગ બ્રહ્મભાવ હૈ તથા આત્માકા શુદ્ધ સ્વભાવ બ્રહ્મ હૈ. ઈસલિયે અપને આત્માકા નિજ સ્વભાવમેં રહના બ્રહ્મચર્ય હૈ ઐસા જિનેન્દ્રને દેખા હૈ. ૭૧૭.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૫૮)*

❀ ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા ! તું આ વિવેકથી ગ્રહણ કરવાયોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવાયોગ્ય જડતાને છોડી દે. ૭૧૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૭૩)*

❀ પૂર્વકર્મોંકે ઉદયસે પીડા હો જાને પર ઉસકે લિયે શોચ કરના ઐસા હી હૈ જૈસા કોઈ વૃદ્ધ બૈલ અપનેસે હી અપનેકો કાટ લે ફિર પૂંછસે અપનેકો હી મારે. ૭૧૯.

*(શ્રી કુલધરઆચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૩૦૫)*

❀ જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે, જે સ્વરૂપમાં સ્થિત છે, જે મુનીશ્વરોના મનોગૃહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે, જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે અને જે સુખનું મંદિર છે, તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું. ૭૨૦.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૫૦)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૭
[૬૯૯]




વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
January
A.D. 2002

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# જો મોહ નાચે છે તો નાચો! જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયક જ છે

આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્ગલ નાચે છે, રાગમાં પુદ્ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એક આકારે છે. તેથી વર્ણાદિ–રાગાદિ પુદ્ગલ જ છે.

રંગ રાગાદિ એ તો પુદ્ગલનો નાચ છે, તેમાં પુદ્ગલ નાચે છે, જીવ તેમાં નાચતો નથી. રાગભાવ અચેતન પુદ્ગલ છે તેથી તેમાં પુદ્ગલ જ નાચે છે. જીવ જ્ઞાયકસ્વભાવ તેમાં નાચતો નથી. ચૈતન્યસૂર્ય અનાદિથી ચૈતન્યપણામાં જ રહ્યો છે, શુભાશુભરૂપે કદી થયો જ નથી.

એકરૂપ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિમાં વર્ણાદિ ભેદો અજીવ છે. ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા પૂર્ણ સ્વભાવી એકરૂપ છે તેમાં ભેદભાવો નથી, રાગાદિ નથી, તેથી તેઓ પુદ્ગલના છે, તેથી તેમાં પુદ્ગલ નાચે છે, જીવ તેમાં નાચતો નથી.

રાગાદિ ચિદ્વિકારોને દેખીને એવો ભ્રમ ન કરવો કે રાગાદિ પણ ચૈતન્ય જ છે. બીજી રીતે કહીયે તો નિશ્ચયવાળાને જ્યાં વ્યવહાર સાધન કહ્યો છે ત્યાં વ્યવહાર સાધન ન સમજવો. જ્ઞસ્વભાવી આત્માથી વિરુદ્ધ લક્ષણવાળા રાગને ચૈતન્ય સાથે દેખીને તેને સાધન ન સમજો. જેને નિશ્ચય-મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેને વ્યવહાર સાથે હોય છે તેથી સહચર દેખીને ઉપચારથી તેમાં સાધનનું આરોપણ કર્યું છે. પરંતુ વ્યવહાર

પ્રશસ્તરાગ છે અને તે આત્માના સ્વભાવથી વિરુદ્ધ લક્ષણવાળો છે તેથી વ્યવહાર-મોક્ષમાર્ગ સાધન કેમ હોય ?—ન જ હોય.

રાગાદિ ચિદ્‌વિકારને ચૈતન્યના ન માનવા, કેમ કે જે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તેને ચૈતન્યના કહેવાય. રાગાદિ સંસાર-અવસ્થામાં હોવા છતાં તેઓ મોક્ષ-અવસ્થામાં વ્યાપતાં નથી, તેથી તેઓ આત્માના નથી. અને જે આત્માના ભાવો ન હોય તે આત્મપ્રાપ્તિનું સાધન કેમ હોય ?—ન જ હોય.

વળી રાગાદિ અનુભવ આકુળતામય દુઃખરૂપ છે માટે તેઓ ચેતન નથી, જડ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ દુઃખરૂપ છે. મહા આનંદનો લાભ તે મોક્ષ છે. એવા મોક્ષનું કારણ દુઃખરૂપ રાગ કેમ હોય ? તેથી જો મોક્ષનું સાધન વ્યવહાર હોય તો આનંદનું સાધન દુઃખ સિદ્ધ થાય, પણ આનંદનું સાધન દુઃખ કેમ હોય ?

ચૈતન્યનો અનુભવ અનાકુળ છે ને રાગાદિનો અનુભવ આકુળતા છે. તેથી તેઓ ચૈતન્ય નથી, અચેતન જડ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રશસ્ત છે, તેના લક્ષે થયેલો રાગ તે પ્રશસ્તરાગ છે, તે પણ આકુળતા છે, તેથી તે અનાકુળ આનંદસ્વરૂપી ચેતન નથી પણ અચેતન જડ છે.

પરમાનંદ સ્વભાવી ચૈતન્યની સન્મુખ થઈને તેના આશ્રયે જે દશા પ્રગટ થાય તે અનાકુળ દશા છે, અવિકારી શાંત દશા છે. તે જ જીવનો સ્વભાવ છે. જેનો અનુભવ અનાકુળ આનંદમય હોય તે જ મોક્ષનો માર્ગ હોય કેમ કે વસ્તુસ્વભાવ પણ અનાકુળ આનંદસ્વરૂપ છે. પુણ્ય પોતે વર્તમાન દુઃખરૂપ છે અને તેનું ફળ પણ દુઃખરૂપ છે એટલે કે પુણ્યના ફળમાં સંયોગો મળશે તેની સામે જોતાં રાગ થશે ને રાગનો અનુભવ દુઃખરૂપ છે. તેથી પુણ્ય તથા પુણ્યફળ દુઃખરૂપ છે.

તીર્થંકર પરમાત્મા કહે છે કે અમારી સામે જોતાં—અમારું લક્ષ કરતાં તને રાગ થશે, તે રાગ દુઃખરૂપ છે, તેનું ફળ પણ દુઃખરૂપ છે, એક માત્ર અનાકુળ આનંદનો પિંડ નિજ ચૈતન્યસ્વભાવ છે, તેની દૃષ્ટિ કરતાં તેનો અનુભવ કરતાં તને આનંદ થશે. માટે તેનો જ અનુભવ કરો.

*(સમયસાર કળશ ૪૪ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)*

# ધર્મસન્મુખ લઈ જાય તે પાપોદય પણ ભલો છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૦૮)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના બીજા અધિકારની ૫૬ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે પાપના ફળથી આ જીવ નરકાદિમાં દુઃખ પામીને, તે દુઃખ દૂર કરવા માટે ધર્મ-સન્મુખ થાય છે તો તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ (પ્રસંશાયોગ્ય) છે.

અહીં નરકના દુઃખને મુખ્યપણે લીધું છે. ગૌણપણે કોઈપણ દુઃખથી છૂટવા માટે જો જીવ ધર્મ-સન્મુખ આવે છે તો તે પાપનું ફળ હિતનું કારણ છે. દુઃખ તો પૂર્વના પાપના ઉદયથી આવે છે પણ તેમાં જો ધર્મ તરફનો વિચાર આવ્યો—તો એ દુઃખ પણ ભલું છે. એ દુઃખ ખરેખર સુખને આપતું નથી પણ તેમાં જે વિચાર આવી જાય છે તે પોતાના હિતનું કારણ થાય છે.

वर जिय पावइं सुंदरइं णाणिय ताइं भणंति।
जीवहं दुक्खइं जणिवि लहु सिवमइं जाइं कुणंति।।५६।।

અર્થ :—હે જીવ ! જે પાપનો ઉદય જીવને દુઃખ દઈને શીઘ્ર જ મોક્ષ જવાયોગ્ય ઉપાયોમાં બુદ્ધિ લગાવી દે તો તે પાપનો ઉદય પણ બહુ સારો છે એમ જ્ઞાની કહે છે.

પાપના ઉદયો પણ કેવા કેવા આવે છે ! તેમાંય નરકના દુઃખ તો એવા કે એ નારકી વેદે અને ભગવાન જાણે. એવા નરકના દુઃખમાં જીવ અનંતવાર ઊપજ્યો છે. દસહજાર વર્ષની સ્થિતિએ અનંતવાર, દસહજાર અને એક સમયની સ્થિતિએ અનંતવાર, દસહજાર અને બે સમયની સ્થિતિએ અનંતવાર—એમ કરતાં કરતાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો છે. એવા દુઃખ તો અનંતવાર આવ્યા તે કાંઈ હિતનું કારણ નથી પણ જે દુઃખમાં એને એમ થાય કે અરે ! આ શું! આવા દુઃખને ટાળવાનો કાંઈ ઉપાય હશે કે નહિ ! એમ અંતરથી વિચાર કરીને દુઃખને ટાળવાનો પ્રયત્ન કરે છે તો દુઃખ મળ્યું એ પણ સુંદર અને ભલું છે. सिवमइं जाइं कुणंति એમ કહ્યું છે એટલે કે જો જીવ મોક્ષ પામવા યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ લગાવે તો તે દુઃખ પણ ભલું છે.

અહીં મનુષ્યભવમાં થોડી ખાવા–પીવા આદિની અનુકૂળતા મળી છે ત્યાં, પૂર્વે અનંત દુઃખ ભોગવીને આવ્યો છે તેનો વિચાર પણ નથી. કેટલી અનુકૂળતા અને

માન આદિની આશા લઈને ગયા હોય અને રસ્તામાં જ કુમરણે મરી જાય—મડદાં પણ હાથ ન આવે—એવા દુઃખ જીવે એકવાર નહિ પણ અનંતવાર ભોગવ્યા છે પણ ભૂલી ગયો છે. હવે જો આશાતાના ઉદયમાં શિવમતિ—મોક્ષમાર્ગનો ઉપાય કરે, અંદરથી ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવી બુદ્ધિ અને મતિને કરે તો આચાર્યદેવ કહે છે એવી મતિમાં નિમિત્ત થનાર ઉદયને પણ અમે નિમિત્ત તરીકે વધાવીએ છીએ—સુંદર કહીએ છીએ.

ભાવાર્થ :—દૃષ્ટાંત આપે છે કે કોઈ જીવ પાપ કરીને નરકમાં ગયો, ત્યાં મહાન દુઃખ ભોગવ્યાં એમાં કોઇ સમયે દુઃખથી છૂટવાનો ઉપાય કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ જાય છે. જો દુઃખથી સમ્યક્ત્વ થતું હોય તો દુઃખ તો જીવ અનંતવાર પામ્યો છે, દુઃખથી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી પણ જો એ દુઃખથી છૂટવા માટે ઉપાયમાં બુદ્ધિ લાગે તો સમ્યક્ત્વ થાય છે એમ કહ્યું છે. દુઃખથી છૂટીને સ્વર્ગાદિ સુખ લેવા માટે કરતો હોય તો સમ્યક્ત્વ થતું નથી. સ્વર્ગમાં પણ જેને દુઃખ લાગે અને તેનાથી છૂટવાનો ઉપાય કરે તો સમકિતની પ્રાપ્તિ થાય છે.

નરકગતિમાં પણ અનંતકાળમાં ન પામ્યો હોય એવું સમ્યક્ત્વ પ્રથમવાર પામી શકે છે. સાતમી નરકમાં પણ પામે છે. અરે ! આ દુઃખની પીડા ! એમ દુઃખથી થાકીને સુખનો ઉપાય શોધે છે.

શાસ્ત્રકાર સંયોગથી વાત કરીને સમજાવે છે કેમ કે અજ્ઞાનીને સંયોગથી દુઃખ ભાસે છે. ખરેખર દુઃખ તો શરીર અને રાગની એકતાનું છે. ચૈતન્યને ભૂલીને જેટલું વિકાર અને શરીરાદિમાં એકત્વ છે તેટલું જ દુઃખ છે પણ એને સંયોગમાં પ્રતિકૂળતા આવે ત્યારે દુઃખ દેખાય છે. એક બાઈને શીતળા નીકળ્યા હતાં તેમાં દાણે દાણે ઈયળો પડી હતી, એ દુઃખ કેટલું હશે ! તેની કરતાં તો અનંતગણું દુઃખ નરકમાં દસહજાર વર્ષની સ્થિતિએ છે. એથી વધતી વધતી દુઃખ દશા ૩૩ સાગરોપની સ્થિતિમાં હોય છે. કરોડો વીંછી એક સાથે કરડતાં હોય તેવી પીડા થાય છે. એક ઠાકરિયો વીંછી અહીં કરડ્યો હોય તો બે–ત્રણ કલાકમાં માણસ મરી જાય એવા વીંછી અને સર્પો ત્યાં એક સાથે કરડતાં હોય એ દુઃખની પીડામાં કોઈ જીવને એમ થઈ જાય કે આ દુઃખથી મુકત થવાનો કોઈ ઉપાય નહિ હોય !! એમ વિચારતાં કોઈ જીવને અંતરમાં શિવમતિ અર્થાત્ આત્માનો અનુભવ થઈ જાય છે. આ આત્મામાં જેટલો કાળ રહુ એટલો મને આનંદ છે. તે જ મને દુઃખ મટવાનો ઉપાય છે. આવી દશા થાય છે તેને એ નરકનું દુઃખ મોક્ષ પ્રાપ્તિના ઉપાયમાં નિમિત્ત થયું કહેવાય છે.

મૂળ પાઠમાં નરકની વાત નથી. પાઠમાં તો જે પાપના ઉદયમાં જીવ શિવમતિ કરે છે તે પાપનું ફળ પણ ભલું છે એમ કહ્યું છે તેના સ્પષ્ટીકરણમાં અનેક પ્રકારે પાપના ઉદયના દ્રષ્ટાંત લઈને કહી શકાય છે.

આંખમાં, નાકમાં, કાનમાં કપડાં ભરાવીને માણસનું પોટલું વાળીને ઝાડ ઉપર લટકાવીને, નીચે અગ્નિ કરે એવા દુઃખના પ્રસંગે પણ જો તેની બુદ્ધિ છૂટવાના ઉપાયમાં લાગે તો તે દુઃખ પણ ભલું છે. એ સંયોગ તેને અનુકૂળ કે પ્રતિકૂળ કાંઈ નથી. શરીરના રજકણોનો સંયોગ ગમે તે રીતે ગોઠવાયેલો હોય તે કાંઈ આત્માને સાધવામાં અનુકૂળ નથી અને પ્રતિકૂળ પણ નથી. મને જરાં ધર્મનું બોલવાની કે સાંભળવાની અનુકૂળતા છે માટે મને ઠીક છે એ વાત જૂઠી છે અને પ્રતિકૂળ સાધન છે માટે હું ધર્મ પામી શકતો નથી એ વાત પણ ખોટી છે.

નરકમાં સમ્યક્ત્વની પ્રાપ્તિના ત્રણ કારણ છેઃ–(૧) ત્રણ નરક સુધી દેવો નારકીને સંબોધવા જાય છે તો ક્યારેક કોઈ જીવને ધર્મ-સંબોધનના નિમિત્તથી સમ્યક્ત્વ થઈ જાય છે—આત્મભાન કરે તો તે સંબોધનથી થયું એમ કહેવામાં આવે છે. કારણ કે જીવે ધર્મ તો ઘણીવાર સાંભળ્યો હોય પણ ધર્મ પામ્યો ન હોય. જ્યારે તેને સાંભળીને અંતરથી વિચાર આવે કે અરે ! હું અખંડાનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું કે જેના સર્વજ્ઞો વખાણ કરતાં થાકતાં નથી એવું હું શુદ્ધ દ્રવ્ય છું ? એમ વિચાર કરતાં સમ્યક્ત્વ પામે તેને ધર્મસંબોધનથી સમ્યક્ત્વ થયું કહેવાય છે.

બીજું કારણ—પૂર્વભવનું સ્મરણ. નારકી જીવને પણ પૂર્વભવનું સ્મરણ થઈ આવે છે કે અહો પૂર્વે અમને મુનિઓએ ઉપદેશ આપ્યો હતો કે આત્મા શુદ્ધ ચિદાનંદ છે એ અમે સાંભળ્યું હતું પણ પ્રયત્ન ન કર્યો એ યાદ આવી જતાં વર્તમાનમાં પ્રયત્ન કરીને કોઈ જીવ પામી જાય છે. તેમાં પૂર્વનું સ્મરણ કાંઈ સમકિત પામવાનું સાધન નથી પણ પોતે પ્રયત્ન કરીને પામે તો તે સ્મરણને નિમિત્ત કહેવાય છે. એવું વિભંગ અજ્ઞાન તો અભવિને ઘણીવાર થયું છે. ભવ પહેલાં આ ભવ–આ ભવ એમ દેખે પણ સમ્યક્ત્વને પામતો નથી. જે ભવ્ય જીવ નરકમાં પૂર્વભવનું સ્મરણ આવતાં વિચાર લંબાવે કે મેં આવી વાત સાંભળી હતી પણ માની નહિ અને દારૂ પીધા, માંસ ખાધા તેથી મારે અહીં આવવું પડ્યું, હું આત્મા તો એનો એ જ છું—એમ વિચાર કરતાં આત્માનુભવ કરે તો તેને પૂર્વભવના સ્મરણથી સમ્યક્ત્વ થયું કહેવાય છે.

ત્રીજું કારણ—નરકની પીડાથી દુઃથી થઈને, નરકને મહાન દુઃખનું સ્થાન જાણીને, નરકના કારણ જે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ અને આરંભાદિક છે

તેને ખરાબ જાણીને તેનાથી ઉદાસ થાય અને વિકારથી એકદમ ઉદાસ થઈ જાય—અરે ! મેં આવા પાપ કર્યાં. મનુષ્યભવમાં પણ મેં સત્-ઉપદેશને માન્યો નહિ ! એમ કરીને જો આત્મભાન પામે તો તેને પીડાના નિમિત્તથી સમ્યક્ત્વ થયું કહેવાય.

આમ ત્રણ નરક સુધી આ ત્રણ કારણો છે. આગળના નરકોમાં દેવોનું આગમન નથી તેથી બે કારણથી સમ્યક્ત્વ થાય છે. ચોથીથી સાતમી નરક સુધી ધર્મશ્રવણનો યોગ નથી પણ જાતિસ્મરણ અને પીડા ચિંતનનું કારણ પામીને કોઈ ભવ્યજીવ ધર્મ પામે છે. અંતરમાં ગુંલાટ ખાઈ જાય કે અહો! આત્મા તો અકૃત્રિમ ચૈતન્યસ્વરૂપ છે અને આ આકુળતા તો કૃત્રિમ અને ક્ષણિક છે. ત્રિકાળ સ્વભાવ તો વિપરીત ભાવથી વિપરીત છે, એમ અનાકુળ આનંદસ્વભાવની પ્રતીતિ કરીને કોઈ જીવ સમકિત પામી જાય છે.

આ નયથી કોઈ ભવ્યજીવ પાપના ઉદયથી ખોટી ગતિમાં ગયો અને ગયા પછી મતિ સુલટી જાય અને સમકિત પામે તો કુગતિ પણ બહુ શ્રેષ્ઠ છે. જેનાથી જન્મ-મરણનો અંત આવ્યો એવી ગતિને સુગતિ ગણવામાં આવે છે. ક્યાંક ભક્તિમાં આવે છે કે જેમાં મને એકાવતારીપણું પ્રાપ્ત થયું એવો પંચમ-આરો મારા માટે સારો છે. ચોથા આરામાં ન કર્યું એવું કામ પ્રભુ ! મેં તમારા વિરહના કાળમાં કર્યું તો એ કાળ મારા માટે સફળ છે. ભગવાનની સમીપમાં ભવનો છેદ ન કર્યો અને પાંચમા આરામાં ભવનો છેદ કર્યો તો એ ભગવાનની સમીપ જ છે.

આ જ શ્રી યોગીન્દ્ર આચાર્યે મૂળમાં કહ્યું છે—જે પાપનો ઉદય જીવોને દુઃખ પ્રાપ્ત કરાવીને પછી શીઘ્ર મોક્ષમાર્ગમાં બુદ્ધિ લગાવે તો તે અશુભ પણ સારું છે તથા જો અજ્ઞાની જીવ કોઈ સમયે અજ્ઞાનતપ–વ્રત–જપ–ભક્તિ કરીને દેવ થયો અને દેવ મરીને એકેન્દ્રિય થયો તો તે દેવપર્યાય પામવી શું કામની? દેવને આયુ પૂરું થવા આવે ત્યારે જો એમ વિચાર આવે કે અરે ! મારે અહીંથી મરીને ઢોરના પેટમાં નવ મહિના રહેવું પડશે ! આ કરતાં તો એકેન્દ્રિયમાં જવું સારું. આ એક ભવમાં મોક્ષ જનારા દેવ સાથે રહ્યો અને હવે મારું કોઈ નહિ ! હું ક્યાં જઈશ ! નવ મહિના પેટમાં રહેવા કરતાં તો—એમ વિચાર આવે ત્યાં તો સીધું એકેન્દ્રિયનું આયુષ્ય બંધાઈ જાય છે અને વનસ્પતિ આદિમાં ફેંકાઈ જાય છે. છઢાળામાં આ બધું વર્ણન ચિત્ર સહિત આપ્યું છે. ઊંચું ફુલ કે પૃથ્વી કે પાણીમાં જઈને અવતરે છે તો આવા અજ્ઞાનીને દેવપર્યાય મળી તે પણ વૃથા છે.

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનવ્રત, તપ કરીને મરીને દેવ થઈને અંતે આવી દશાને પામે છે. માટે એ દેવપણું પણ ભલું નથી. જો ક્યારેક જ્ઞાનના પ્રસાદથી—આ હવે સમકિતીની વાત આવે છે—જો જીવ જ્ઞાનના પ્રસાદથી ઉત્કૃષ્ટ દેવ થઈને ઘણોકાળ સુખ ભોગવીને

દેવમાંથી મનુષ્યપર્યાય પામીને, મુનિવ્રત ધારણ કરી, મોક્ષ પામે તો તેના સમાન બીજું શું હોઈ શકે !

આત્મજ્ઞાન સહિત, આત્મદૃષ્ટિ સહિત, આત્મ-અનુભવ સહિત, વ્રત–નિયમ આદિના શુભભાવ થયા હોય, શુભભાવનો આદર ન હોય છતાં એવા ભાવ આવ્યા વિના રહેતાં ન હોય તો એવા જીવ પુણ્યના ફળમાં સ્વર્ગાદિ સુખ ભોગવે છે અને આત્મ- જ્ઞાનાદિના ફળમાં મુકિતને પામે છે. દેવમાંથી મનુષ્યમાં આવીને અધૂરી સાધના પૂર્ણ કરીને મુકત થઈ જાય છે.

આત્મભાન વિના અજ્ઞાની વ્રત–તપ કરીને દેવ થઈને અંતે એકેન્દ્રિયમાં જાય છે જ્યારે આત્મભાન સહિત જ્ઞાની વ્રત–તપના ફળમાં દેવ થઈ અંતે મનુષ્યપણું પામી, મુનિ થઈ, કેવળ પામી મોક્ષ જાય છે. આમાં આત્મસ્વભાવના આશ્રયે જે સંવર–નિર્જરા પ્રગટી છે તેની મહિમા છે. વચમાં શુભભાવ થાય છે તે છોડવાલાયક છે એવા ભાવે થાય છે, દેવમાં જાય છે ત્યાં પણ શુભભાવ છોડવાલાયક છે એવા ભાવે રહે છે, પણ છૂટતાં નથી. તે મનુષ્યપણામાં આવી, મુનિ થઈ શુભભાવને પણ છોડી શુદ્ધસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે અને મુકિત પામે છે તો તેના જેવું ઊંચું બીજું શું હોય !

જેને શુભભાવ આદરણીય છે, એ જ અમારો ધર્મ છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મુનિ છે. તે મરીને સ્વર્ગમાં જાય પણ ત્યાંથી એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે એવા શુભ પણ ભલા નથી.

જો કોઈ ભવ્યજીવ નરકમાંથી નીકળી, મનુષ્ય થઈ, મહાવ્રત ધારણ કરી, મુક્તિ પામે તો તે પણ બહુ સારું છે. જ્ઞાનીપુરુષ તે પાપીઓને પણ શ્રેષ્ઠ કહે છે કે જે પાપના પ્રભાવથી દુ:ખ ભોગવીને તે દુ:ખથી ડરીને, પાપને દુ:ખના મૂળકારણરૂપ જાણીને તે પાપથી ઉદાસ થાય તે પ્રસંશા કરવાયોગ્ય છે. પાપથી એટલે બધાં વિકારથી ઉદાસ થાય છે તે પ્રસંશનીય છે. કેમ કે પાપક્રિયા હંમેશા નિંદનીય છે.

ભેદાભેદરત્નત્રયસ્વરૂપ શ્રી વીતરાગદેવના ધર્મને જે ધારણ કરે છે તે શ્રેષ્ઠ છે. અભેદરત્નત્રય એટલે અખંડાનંદ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા તે અભેદરત્નત્રય અર્થાત્ સાચાં–નિશ્ચયરત્નત્રય છે તેની સાથે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ હોય છે. ભેદરત્નત્રય અર્થાત્ વ્યવહારરત્નત્રય અને અભેદ બંને રત્નત્રયને ધારણ કરનાર કોઈ પણ જીવ પ્રસંશનીય છે તે ભલે સુખી હો કે દુ:ખી હો (સંયોગથી) પણ રત્નત્રયને ધારણ કરે છે માટે તે શ્રેષ્ઠ છે. શાસ્ત્રનું વચન છે કે કોઈ મહાભાગ દુ:ખી થયા થકાં જ ધર્મમાં લવલીન થાય છે.

કોઈ શેઠ કે રાજા મુનિ થાય તેનું મુનિપણું ઊંચું અને કોઈ ગરીબ માણસ મુનિ થાય તેનું મુનિપણું નીચું—એવું હોતું નથી. સુખી હો કે દુ:ખી હો દરેકનું મુનિપણું મહાન છે. કર્મના ઉદયથી દુ:ખી જીવો જો ધર્મપરાયણ થઈ જાય છે તો તેનો રસ્તો ભલો છે. તુલસીદાસ એમ કહે છે કે 'સુખને માથે શીલા પડે, હરિ હૃદયસે જાય, બલિહારી યે દુ:ખકી, પલ પલ રામ સમરાય.' અહીં તો કહે છે કે અનુકૂળતા છોડીને કરે કે પ્રતિકૂળતાને છોડીને કરે—જે આત્માનુભવ કરે તે ભલો જ છે.

૨૦૦૬ની સાલમાં એક ભાઈ ચર્ચા કરવા આવ્યા હતાં કે નિમિત્ત આવે તેવું કાર્ય થાય. તેને કીધું સર્વજ્ઞે જે કાળે જે પદાર્થની જે પર્યાય જેવા નિમિત્તની હાજરીમાં થવાની છે તે બધું જોયું છે કે નહિ? સર્વજ્ઞના જ્ઞાનમાં કાંઈ અક્રમ અનિયત કે અકાળે છે જ નહિ. અહીં તો સર્વજ્ઞ જ ધર્મનું મૂળ છે. તેને ન માનો તો ચર્ચા કરવાનો કાંઈ અર્થ જ નથી. ધર્મનો આધાર સર્વજ્ઞ છે. સર્વજ્ઞના જ્ઞાનનો નિર્ણય કરે તો બધો ખુલાસો થઈ જાય. ભગવાને દરેક કાર્ય તેના પોતાના ઉપાદાનથી થતું જ જોયું છે, નિમિત્તની તે વખતે હાજરી હોય છે.

આર્તનર એટલે દુખિયાજીવો પણ ભગવાન આત્માના સ્વરૂપને સમજીને સ્મરણ કરે તો સુખી થઈ શકે છે. માટે સુખી જીવ જ સુખને પામે છે એવું નથી. જેની દૃષ્ટિ સંયોગ ઉપરથી ઉઠી ગઈ તેને સંયોગ અનુકૂળ હો કે પ્રતિકૂળ હો તેની સાથે કાંઈ સંબંધ નથી.

આ ૫૬ ગાથા થઈ. હવે ૫૭ ગાથામાં કહે છે કે નિદાનબંધથી ઉપાર્જન કરેલાં પુણ્યકર્મ જીવને રાજ્યાદિ વિભૂતિ દઈને નરકાદિ દુ:ખ ઉત્પન્ન કરાવે છે માટે, સારાં નથી.

मं पुणु पुण्णइं भल्लाइं णाणिय ताइं भणंति।
जीवहं रज्जइं देवि लहु दुक्खइं जाइं जणंति॥५७॥

અર્થ :—તે પુણ્ય પણ સારાં નથી કે જે જીવને રાજ દઈને તરત જ નરકાદિ દુ:ખોને ઊપજાવે છે એમ જ્ઞાની પુરુષો કહે છે.

એમ પણ આવે છે કે તપેશ્રી તે રાજેશ્રી અને રાજેશ્રી તે નરકેશ્રી અર્થાત્ તપાદિ પુણ્ય કરીને રાજ્યપદ પામે ત્યાં વળી પાપ કરીને નરકમાં ચાલ્યો જાય તો તે તપ પણ શા કામનું? પણ જો જીવ પુણ્યના ફળના કાળમાં ધર્મને યાદ કરે અને ધર્મરૂપે પરિણમે તો નરકેસરી—મનુષ્યોમાં શ્રેષ્ઠ થાય. ભરતચક્રવર્તીને પુણ્યના ફળ

કેવા હતાં ! પણ તેમાં મમત્વ ન કર્યું તો એ પુણ્ય તેને નરકાદિમાં લઈ ન ગયા. આત્માના ભાન વિના કરેલાં પુણ્યના ફળ જ જીવને નરકાદિનું કારણ થાય છે.

ભાવાર્થ :—નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન જે વીતરાગ પરમાનંદ અતીન્દ્રિયસુખનો અનુભવ—તેનાથી વિપરીત જે દેખેલાં, સાંભળેલાં, ભોગવેલાં ઇન્દ્રિયોના ભોગ તેની વાંછારૂપ નિદાનબંધ પૂર્વક જ્ઞાન, દાન, તપ આદિકથી ઉપાર્જન કરેલાં જે પુણ્યકર્મ છે તે હેય છે. આત્માના જ્ઞાન સિવાય એકલાં પરના જ્ઞાનથી પુણ્યનું ઉપાર્જન થાય છે, આત્મલાભ થતો નથી. વ્યવહારૂજ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, ભણતરનું જ્ઞાન, ઇન્દ્રિયનું જ્ઞાન આદિ પરસંબંધી જ્ઞાનથી તથા તપ અને દાન આદિથી ઉપાર્જેલું પુણ્ય છે તે હેય છે કેમ કે તે ભોગોની ભાવનાપૂર્વક થયેલું હોય છે. માટે તે નિદાનબંધ છે.

ડોકટર, વકીલ આદિનું જ્ઞાન તો એકલું લૌકિકજ્ઞાન છે તે તો પાપ જ છે પણ શાસ્ત્ર આદિનું જ્ઞાન કે હજારો લોકોમાં ભાષણ કરીને ઉપદેશ આપી શકે એવું જ્ઞાન પણ જો પૂર્વે સાંભળેલાં, અનુભવેલાં ભોગોની વાંછાપૂર્વક કરવામાં આવેલું છે તો તે પણ ભવિષ્યમાં પાપબંધનું કારણ હોવાથી હેય જ છે. આ જ્ઞાનથી મને લાભ થશે, ધર્મ થશે એવી માન્યતાથી થયેલું હોવાથી મિથ્યાત્વ છે. સાથે શુભ વિકલ્પ હોય તો પુણ્ય બાંધે પણ તેનાથી ધર્મ તો ન જ થાય. અહીં ધર્મના માપ જ જુદી જાતના છે.

લોકોને તો એમ થાય છે આત્માનું જ્ઞાન ભલે ન હોય પણ બધાંને સમજાવવાની શકિત હોય તો કેટલો લાભ થાય ! ભાઈ ! આત્માના લક્ષ વગર લાભને બદલે નુકશાન થાય. જો એ શુભભાવની સાથે નિદાન હોય કે આ પુણ્યથી મને સારાં સંયોગ મળશે, પુણ્યથી મારાં કર્મોની નિર્જરા થશે, અનેક પ્રકારે લાભ થશે એવી ઇચ્છા છે તો એ પુણ્યથી રાજ્યાદિ વિભૂતિ તો મળશે પણ આત્માનો લાભ નહિ થાય, કર્મોની નિર્જરા નહિ થાય.

પુણ્યકર્મ જીવને બીજાં ભવે રાજ્ય આદિ વિભૂતિ આપે છે તેને પામીને, અજ્ઞાની જીવ વિષય-ભોગોને છોડી શકતાં નથી તેનાથી પાપ બંધાય છે અને તેના ફળમાં નરકાદિ દુઃખ પામે છે. પુણ્યના આદરપૂર્વક કરેલાં જ્ઞાન તપાદિના ફળ સમયે એ પુણ્યના ફળને છોડી શકતાં નથી.

શ્રોતા :–નિદાનબંધ કર્યું હોય તો પુણ્યના ફળ જીવને મમતાનું કારણ થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્યાં મિથ્યાત્વ છે ત્યાં નિદાન પણ સાથે જ છે. નિઃશલ્યવૃત્તિ તો માયા, મિથ્યાત્વ અને નિદાન ત્રણેય છૂટે ત્યારે જ થાય છે. જ્યાં મિથ્યાત્વ છૂટ્યું નથી ત્યાં દેહની ક્રિયા, રાગની ક્રિયા આદિથી મને અને બીજાને લાભ થાય એવી

ઇચ્છા પડી જ છે તે નિદાનબંધ છે. મિથ્યાત્વમાં નિદાન રહેલું જ છે તેથી તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામી કહે છે કે, નિશલ્યોવ્રતી જેને ત્રણેય શલ્ય છૂટ્યા છે તે વ્રતી છે. જેને મિથ્યાદર્શન શલ્ય ગયું, પુણ્ય પરિણામમાં આદર નથી, દેહની ક્રિયાને પોતાની માનતો નથી, પરની દયા હું પાળી શકું છું એમ માનતો નથી, મારાં જ્ઞાનથી વિપરીત બધાં ભાવ બંધના કારણ છે એમ જાણે છે તેને સમ્યગ્દર્શન–જ્ઞાન સહિત જે પુણ્ય બંધાય છે તેના ફળમાં સ્વર્ગમાં જઈ, મનુષ્ય થઈ—મોક્ષમાં જાય છે. પણ જેને પુણ્યનો આદર છે એવા મિથ્યાદ્દષ્ટિના પુણ્ય, આગળ જતાં પાપના કારણ થાય છે.

તેથી કુંદકુંદઆચાર્ય તો પુણ્ય–પાપ અધિકારમાં કહે છે કે પુણ્ય, પુણ્યનું બંધન અને પુણ્યના ફળને મનથી સારાં માનીશ નહિ.

**પુણ્યની મીઠાશથી મોટાં માનવંતાઓ પણ પતિત થયાં છે. સમ્યગ્દર્શન** વિના ઉપાર્જેલાં પુણ્યના ફળમાં જીવ એકાકાર થયાં વિના રહેતો નથી. ભોગોમાં એકાકાર થવાથી પાપબંધ થાય છે અને તેના ફળમાં નરકાદિ દુઃખ પામે છે. કોની જેમ ?—રાવણની જેમ એવું દૃષ્ટાંત આપ્યું છે.

રાવણને જાણપણું કેટલું હતું ! રાજ્યનું જ્ઞાન તો હતું જ. સાથે ૭૨ કળાઓનું જ્ઞાન હતું. એ બધું પૂર્વે બાંધેલાં પુણ્યનું ફળ હતું. રામચંદ્રજી સીતાજીને લેવા આવ્યાં તો ના પાડી દીધી. વિભીષણ સાચી સલાહ આપે છે કે ભાઈ ! આ તમે છોડી દયો. રામ–લક્ષ્મણ બળદેવ–વાસુદેવ છે તે તમને મારશે. આ તમે વાઘણને ઘરમાં લીધી છે. સીતાજીને છોડી દયો...રામ પુરુષોત્તમ પુરુષ છે એ પાછા નહિ હટે. ત્યારે રાવણ ગુસ્સો કરે છે કે મારો ભાઈ થઈને તું દુશ્મનના વખાણ કરે છે? પછી તો રાવણ મંદિરમાં જઈને વિદ્યા સાધવા બેસે છે ત્યારે બીજાં રાજાઓ રામને કહે છે કે રાવણ વિદ્યા સાધે છે તે સિદ્ધ થઈ જશે તો સીતા પાછા નહિ મળે માટે હુકમ કરો તો રાવણને વિઘ્ન કરીએ. ત્યારે રામ કહે છે–એક સીતા તો શું, હજાર સીતા હાથ ન આવે તોપણ અમે અન્યાય અનીતિ નહિ કરીએ. કોઈની સાધનામાં વિઘ્ન કરવાં એ અમારાં કામ નહિ. અહાહા ! પુરુષોત્તમ પુરુષ છે ને ! રાવણનું માથુ કાપવા આવ્યા છે પણ અન્યાય અનીતિથી નહિ. સમય આવ્યે હુકમ કર્યો, માથુ કપાયું અને રાવણ સીધો નરકમાં ચાલ્યો ગયો. અજ્ઞાનથી બાંધેલાં પુણ્યના ફળ તેને નરકમાં લઈ ગયા માટે એ પુણ્ય પણ ભલાં નથી. જો દુઃખમાં આત્માનું ભાન થતું હોય તો એ દુઃખ પણ ભલું છે, સારું છે. એ વાત અહીં કરી. (ક્રમશઃ)

*

# અજ્ઞાનમાં જ બંધ છે, જ્ઞાનમાં બંધ નથી

(શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૯)

શ્રી નાટક સમયસારમાં આ બંધ અધિકાર ચાલે છે.

રાગ અને સ્વભાવની એકતા તે 'બંધ' છે. પોતાનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય આનંદમય છે તેની સાથે પુણ્ય-પાપની એકતા કરવી તે પર્યાયદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ છે. આવો જીવ બંધભાવને પામતો નવા બંધનને વધારે છે. જ્ઞાની રાગથી ભિન્ન પડીને પોતાના આનંદસ્વભાવમાં રહેતો નવા બંધને વધારતો નથી, છતાં કર્મના ઉદયના નિમિત્તમાં જોડાવાથી રાગ થાય છે તેની અહીં વાત કરે છે.

ઉદયની પ્રબળતા

जब जाकौ जैसो उदै, तब सो है तिहि थान ।
सकति मरोरै जीवकी, उदै महा बलवान ॥७॥

અર્થ :—જ્યારે જે જીવનો જેવો ઉદય હોય છે ત્યારે તે જીવ તેની જેમ જ વર્તે છે. કર્મનો ઉદય બહુ જ પ્રબળ હોય છે, તે જીવની શકિતઓને કચડી નાંખે છે અને તેને પોતાના ઉદયને અનુકુળ પરિણમાવે છે.

જ્ઞાની સમજે છે કે 'હું મારાં સ્વભાવથી સહિત છું, રાગ મારો સ્વભાવ નથી.' છતાં પોતાની અસ્થિરતાને લઈને પુરુષાર્થ નબળો હોવાથી રાગ તરફ ખેંચાણ–આસકિત થઇ જાય છે. सकति मरोरै जीवकी—રાગમાં આસકિત છે તેનાથી જીવની પર્યાય મરડાઈ જાય છે. અસ્થિરતાનું બળવાનપણું છે તેને ઉદયની બળવાનતા કહેવાય છે, બાકી કર્મનું બળવાનપણું જીવમાં કામ કરતું નથી. ઉદયમાં જોડાવાથી ધર્મી જીવને પણ પરિણામમાં અશાંતિ થાય છે, તે સમજાવવા દૃષ્ટાંત આપે છે.

ઉદયની પ્રબળતા ઉપર દૃષ્ટાંત

जैसैं गजराज पर्‍यौ कर्दमके कुंडबीच,
उद्दिम अहूटै पै न छूटै दुख–दंदसौं ।
जैसैं लोह कंटककी कोरसौं उरझ्यौ मीन,
ऐंचत असाता लहै साता लहै संदसौं ॥

जैसैं महाताप सिर वाहिसौं गरास्यौ नर,
तकै निज काज उठि सकै न सुछंदसौं ।
तैसैं ग्यानवन्त सब जानैं न बसाइ कछू,
बंध्यौ फिरै पूरब करम–फल–फंदसौं ॥८॥

અર્થ :—જેવી રીતે કાદવના ખાડામાં પડેલો હાથી અનેક પ્રયત્નો કરવા છતાં પણ દુઃખથી છૂટતો નથી, જેવી રીતે લોઢાના કાંટામાં ફસાયેલી માછલી દુઃખ પામે છે–નીકળી શકતી નથી, જેમ આકરા તાવ અને માથાના શૂળમાં પડેલો મનુષ્ય પોતાનું કાર્ય કરવા માટે સ્વતંત્રતાથી ઊઠી શકતો નથી, તેવી જ રીતે સમ્યગ્જ્ઞાની જીવ જાણે છે બધું પણ પૂર્વોપાર્જિત કર્મની જાળમાં ફસાયેલો હોવાથી તેનું કાંઈ વશ ચાલતું નથી અર્થાત્ વ્રત-સંયમાદિનું ગ્રહણ કરી શકતાં નથી.

શ્રોતા :—એક બાજુ કહે કે જ્ઞાનીને બંધ જ નથી, રાગ તો પુદ્ગલના પરિણામ છે....વળી અહીં તો જ્ઞાનીને બંધ બતાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—દૃષ્ટિના જોરની અપેક્ષાએ જ્ઞાનીને બંધ નથી એમ કહેવાય પણ બીજી અપેક્ષા પણ છે ને ! જ્ઞાનીની પર્યાયમાં રાગનું પરિણમન છે, તેને અહીં સિદ્ધ કરે છે. દૃષ્ટિના પરિણમનમાં રાગ નથી. દ્રવ્ય અને દ્રવ્યની દૃષ્ટિ તદ્દન શુદ્ધ છે પણ સાથે ચારિત્રના પરિણમનમાં અશુદ્ધતા છે તેને અહીં પ્રસિદ્ધ કરે છે. રાગને પુદ્ગલના પરિણામ કહ્યાં એ તો એક અપેક્ષાથી કહ્યાં છે બાકી રાગ તો જીવના પરિણામ છે. પ્રવચનસારમાં ૪૭ નયમાં આવ્યું છે કે રાગનું કરવાપણું અને ભોગવવાપણું મારી પર્યાયમાં છે એમ જ્ઞાની જાણે છે. એક જ અપેક્ષા પકડે છે તે વસ્તુની સ્થિતિને જાણતો નથી. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં અબંધ છે તે બરાબર છે પણ પોતાના પરિણમનમાં નબળાઈને કારણે રાગાદિ અશુદ્ધતા છે તેનું પણ જ્ઞાન કરવું જોઈએ.

જેને પોતાના સ્વભાવનું ઉગ્ર જોર નથી તેને રાગનું જોર છે એમ આ શ્લોક દ્વારા કહે છે. કર્મ તો બિચારાં જડ છે તે જીવને કાંઈ કરતાં નથી પણ કર્મના ઉદયમાં જોડાઈ જાય છે તેને કર્મનું જોર છે એમ કહેવાય છે. મૂળ તો સ્વભાવનું ઉગ્ર જોર નથી એટલે નિમિત્ત એવા કર્મના ઉદયમાં પોતે જોડાઈ જાય છે.

શ્રોતા :—જ્ઞાનીને તો વિકારથી વૈરાગ્ય છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શ્રદ્ધા–જ્ઞાનમાં વિકારથી ભિન્નતા છે એટલો વૈરાગ્ય છે પણ જેટલી અસ્થિરતા છે એટલો રાગ છે. પૂર્ણ વૈરાગ્ય હોય તો વીતરાગ થઈ જાય.

જેમ, મોટો હાથી પણ કાદવના ખાડામાં પડી જાય તો પ્રયત્ન કરવા છતાં બહાર નીકળી શકતો નથી તેમ આત્મામાં જ જ્ઞાન, આનંદ અને સુખ છે એવું જાણવા છતાં જ્ઞાની રાગના જોરમાં પકડાઈ જાય છે, ત્યાંથી છૂટી શકતાં નથી. મૂળ તો પોતાના પુરુષાર્થની કચાશ છે તેથી પોતાની ભૂમિકા પ્રમાણે જે રાગ આવે છે તેનાથી છૂટી શકતો નથી.

કોઈ એમ કહે છે કે ભગવાનનો માર્ગ અનેકાંત છે તેથી ઉપાદાનથી પણ કાર્ય થાય અને નિમિત્તથી પણ કાર્ય થાય. પરંતુ એવું અનેકાંત ન હોય. ભાઈ ! બનારસીદાસજીએ તો ત્યાં સુધી કહી દીધું કે 'ઉપાદાનબલ જહાં, તહાં નહિ નિમિત્તકો દાવ.' નિમિત્ત હોય તેનો નિષેધ નથી પણ તેનાથી કાર્ય થાય છે—એમ નથી. પોતાના ઉપાદાનથી કાર્ય થાય છે ત્યારે નિમિત્ત હોય છે જરૂર. નિમિત્ત ક્યાં નથી ? દરેક પર્યાયના કાળે તેને અનુકૂળ નિમિત્તની હાજરી હોય જ છે. આ વાત સોનગઢની નથી, વસ્તુના સ્વરૂપની છે. કોઈ દ્રવ્ય બીજાં દ્રવ્યના કાર્યને કરી દેતું નથી. દરેક સમયે દ્રવ્ય પોતાના કાર્યને કરે છે, પરનું કાર્ય કોઈ કરતાં નથી.

અહીં તો એટલું જ સિદ્ધ કરવું છે કે પોતાના પુરુષાર્થની નબળાઈ છે તેથી રાગનું જોર છે.

પાલેજમાં એક ઊંડા ખાડામાં ઘાસ ભર્યું હતું તે ખાવાના લોભે એક ગાય તેમાં પડી પણ અંદરમાં થોડાં ભાગમાં અગ્નિ હતી તેમાં તેના પગ બળી ગયાં, પછી ખાડામાંથી નીકળે શી રીતે ? ખાવા માટે ખાડામાં ગઈ પણ નીકળી ન શકી અને તેમાં જ મરી ગઈ. તેમ ધર્મીને ભૂમિકા અનુસાર જે રાગ થાય છે તેમાંથી તે છૂટી શકતાં નથી. રાગમાં એકાકાર નથી પણ અસ્થિરતાવશ રાગની ભૂમિકા છે તેમાંથી છૂટવા માંગે છે પણ છૂટી શકતાં નથી. ચોથા, પાંચમા ગુણસ્થાનમાં સર્વથા રાગથી રહિત થવાનો પુરુષાર્થ હોતો નથી.

જેમ લોખંડની જાળમાં ફસાયેલી માછલીના શરીરમાં લોખંડના કાંટા ભરાયેલા હોવાથી તે દુઃખી થાય છે પણ છૂટી શકતી નથી, અસાતા પામે છે. જો જાળમાંથી છૂટી જાય તો સાતા પામે પણ છૂટી શકતી નથી તેમ ધર્મી અસ્થિરતાવશ રાગમાંથી છૂટી શકતાં નથી.

આ બંધ અધિકાર છે એટલે જ્ઞાનીને બંધનો ભાવ થોડો છે તેને અહીં સિદ્ધ કર્યો છે. જ્ઞાની જાણે છે કે રાગ દુઃખરૂપ છે, ખરાબ છે, નુકશાનકારક છે, તેમાં સુખ નથી. તેમ છતાં જ્ઞાની રાગમાં જોડાઈ જાય છે, છૂટી શકતાં નથી.

जैसें महाताप.....જેમ, જેને માથું ફાટતું હોય અને આકરો તાવ આવતો હોય એવો મનુષ્ય પોતાનું કાર્ય કરવામાં શિથિલ થઈ જાય છે તેમ પોતાના સ્વભાવની નીરોગતામાં સ્થિર નહિ રહી શકતો જ્ઞાની, અસ્થિરતાવશ આનંદસ્વભાવથી ખસીને રાગમાં આવે છે ત્યારે સ્વભાવની ઉગ્રતા કરવામાં શિથિલ થઈ જાય છે.

કોઈનો લેખ આવ્યો છે કે 'સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર બંધનું પણ કારણ છે અને મોક્ષનું પણ કારણ છે કેમ કે, તીર્થંકરગોત્ર, આહારક શરીર આદિનો બંધ સમકિતીને જ થાય છે.' ભાઈ! જ્ઞાનીની ભૂમિકામાં રહેલાં શુભ ઉપયોગનો એ અપરાધ છે, તેનાથી બંધ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી બંધ થતો નથી, તેનાથી મોક્ષ જ થાય છે. જેટલાં અંશે નિર્મળતા છે તેટલો બંધ નથી અને જેટલા અંશે રાગ છે એટલો બંધ જ્ઞાનીને પણ છે પરંતુ તેનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી.

જ્ઞાની બધું જાણે છે કે આ રાગ નુકશાનકારક છે. વિષયની વાસના, લડાઈ આદિના ભાવ આવે પણ પોતે રાજકુમાર હોય ને તે જ્ઞાની હોય તોપણ ભૂમિકા એવી છે કે એવા રાગથી છૂટી શકતો નથી, કેમ કે અબંધપરિણામની પૂર્ણતા થઈ નથી તેથી બંધને યોગ્ય પરિણામ છે તેને ટાળવાનો પુરુષાર્થ નથી તેથી બંધ થયા વગર રહેતો નથી. પૂર્વકર્મના ઉદયમાં જોડાઈ જાય છે ત્યાં સુધી બંધ થાય છે.

હવે કહે છે કે જ્ઞાની મોક્ષમાર્ગમાં પુરુષાર્થી હોય છે. ગોમ્મટસારમાં કહ્યું છે કે એકલો એકાંત પુરુષાર્થ તે મિથ્યાત્વ છે અને અહીં પુરુષાર્થ જ કહ્યો છે તેનું કારણ એ છે કે સ્વભાવ તરફ પુરુષાર્થ થાય છે તેમાં બધાં સમવાય સાથે આવી જાય છે. બીજા સમવાય જુદાં નથી.

અજ્ઞાની જીવ પુરુષાર્થહીન અને જ્ઞાની પુરુષાર્થી હોય છે.

जे जिय मोह नींदमैं सोवैं ।
ते आलसी निरुद्दिम होवैं ।।
द्रिष्टि खोलि जे जगे प्रवीना ।
तिनि आलस तजि उद्दिम कीना ।।६।।

અર્થ :—જે જીવ મિથ્યાત્વની નિદ્રામાં સૂઈ રહે છે તેઓ મોક્ષમાર્ગમાં પ્રમાદી અથવા પુરુષાર્થહીન હોય છે અને જે વિદ્વાન જ્ઞાનનેત્ર ખોલીને જાગૃત થયા છે તેઓ પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થ કરે છે.

જે જીવ રાગ અને વિકારની એકતારૂપ નિદ્રામાં સૂતા છે તે મોક્ષમાર્ગમાં પ્રમાદી છે. અંતર્મુખ સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ નથી તેથી પ્રમાદી કહ્યાં પણ ઉલટો પુરુષાર્થ તો ચાલુ જ છે. સવળા પુરુષાર્થમાં હીન છે કેમ કે મોહનિદ્રામાં સૂતો છે પણ તે મિથ્યાત્વભાવમાં તો તે ઉદ્યમી છે તેમાં પ્રમાદી નથી, પણ અહીં તો જે વીર્ય સ્વરૂપને રચે તેને જ પુરુષાર્થ કહેવાય છે. રાગમાં એકત્વ કરે છે તે પુરુષાર્થ નથી. મિથ્યાદૃષ્ટિ સ્વભાવ તરફના વલણમાં આળસુ અને નિરુદ્યમી છે.

ધર્મી તો પોતાના જ્ઞાનસ્વભાવ તરફના પુરુષાર્થથી જાગૃત થઈ ગયા છે તેથી પ્રમાદ છોડીને મોક્ષમાર્ગમાં પુરુષાર્થથી આગળ વધે છે. જે એમ કહે છે કે 'ભગવાને જોયું હશે ત્યારે આપણો મોક્ષ થશે, તેમાં આપણો પુરુષાર્થ શું કરે!' એ મિથ્યાદૃષ્ટિ છે, તેની દૃષ્ટિ રાગની એકતામાં પડી છે અને ભગવાને જોયું હશે તેમ થશે એમ કરીને પુરુષાર્થ ખોઈ બેસે છે.

કોઈ વળી એમ કહે છે કે 'ક્રમબદ્ધ માનનારા પુરુષાર્થ ખોઈ બેસે છે' પણ ખરેખર ક્રમબદ્ધ માનનારાને જ પુરુષાર્થ હોય છે.

અહીં તો કહે છે કે અજ્ઞાની પુરુષાર્થહીન છે, પ્રમાદી છે. કારણ કે પોતાના સ્વભાવરૂપે પરિણમવાનો પુરુષાર્થ કરતો નથી. અજ્ઞાન અને મિથ્યાત્વભાવનો ઊંધો પુરુષાર્થ તો તે બરાબર કરે છે પણ મિથ્યાત્વભાવનો પુરુષાર્થ એ કાંઈ પુરુષાર્થ છે! રાગની એકતા અને રાગની રચના કરવી તે પુરુષાર્થ નથી, પુરુષાર્થહીનતા છે. ઊંધા પ્રયત્નને પુરુષાર્થ કહેતાં નથી.

જે જ્ઞાનનેત્ર ખોલીને જાગૃત થયો છે તે સ્વભાવસન્મુખનો પુરુષાર્થ કરતો, આળસ છોડીને ઉદ્યમવાન થયો છે. સમ્યગ્દૃષ્ટિ સ્વભાવ તરફના પુરુષાર્થમાં ઉદ્યમી છે. તેનું વીર્ય શુદ્ધ સ્વભાવની રચના કરે છે. તેને સ્વભાવ તરફના પુરુષાર્થમાં આળસ હોતી જ નથી. ધર્મી મોક્ષમાર્ગમાં ઉગ્ર પુરુષાર્થ કરે છે.

જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિની વાત કરી, હવે તેના ઉપર દૃષ્ટાંત આપે છે.

### જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિ પર દૃષ્ટાંત

काच बांधै सिरसौं सुमनि बांधै पाइनिसौं,
जानै न गंवार कैसी मनि कैसौ काच है ।
यौंही मूढ़ झूठमैं मगन झूठहीकौं दौरै,
झूठी बात मानैं पै न जानै कहा साच है ॥

मनिकौं परखि जानै जौंहरी जगत मांहि,
साचकी समुझि ग्यान लोचनकी जाच है ।
जहांको जु वासी सो तौं तहांकौ मरम जानै,
जाको जैसौं स्वांग ताकौ ताही रूप नाच है ॥१०॥

અર્થ :—જેવી રીતે વિવેકહીન મનુષ્ય માથામાં કાચ અને પગમાં રત્ન પહેરે છે, તે કાચ અને રત્નનું મૂલ્ય સમજતો નથી, તેવી જ રીતે મિથ્યાત્વી જીવ અતત્ત્વમાં મગ્ન રહે છે અને અતત્ત્વને જ ગ્રહણ કરે છે, તે સત્-અસત્‌ને જાણતો નથી. સંસારમાં હીરાની પરીક્ષા ઝવેરી જ જાણે છે, સાચ–જૂઠાની ઓળખાણ માત્ર જ્ઞાનદૃષ્ટિથી થાય છે. જે, જે અવસ્થામાં રહેવાવાળો છે તે તેને જ સારી રીતે જાણે છે અને જેનું જેવું સ્વરૂપ છે તે તેવી જ પરિણતિ કરે છે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વને જ ગ્રાહ્ય સમજે છે અને તેને અપનાવે છે તથા સમ્યક્ત્વી સમ્યક્ત્વને જ ગ્રાહ્ય જાણે છે અથવા તેને અપનાવે છે.

અજ્ઞાની માટે બનારસીદાસે કેવું દૃષ્ટાંત આપ્યું છે! કોઈ પગમાં રત્ન અને માથામાં કાચ પહેરતું નથી પણ અજ્ઞાનમાં જીવની દશા કેવી થાય છે તે સમજાવવા માટે એવું દૃષ્ટાંત કહ્યું છે. પાગલ હોય તે એમ પહેરે. પાઘડીમાં કાચ ભરાવે અને પગની મોજડીમાં મણિ જડાવે તેને કાંચ અને મણિની કિંમતની ખબર જ નથી તેમ અજ્ઞાનીને તત્ત્વ અને અતત્ત્વના સ્વરૂપની ખબર જ નથી, તેથી અતત્ત્વને જ તત્ત્વ માનીને તેમાં લીન રહે છે. નિશ્ચયને તજીને વ્યવહારમાં વર્તન કરે છે તે વિદ્વાન નથી પણ મૂઢ છે.

અજ્ઞાનમાં કોઈ એમ માને છે કે જગતમાં એક જ આત્મા છે તો કોઈ એમ માને છે કે આત્મા કર્મનું રમકડું છે, કર્મ નચાવે તેમ આત્મા નાચે છે. આમ, અનેક પ્રકારે અજ્ઞાની વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતા કરીને એ પ્રમાણે વર્તન કરે છે. પણ કર્મ તો બિચારાં જડ છે. કર્મમાં જીવની નાસ્તિ છે અને જીવમાં કર્મની નાસ્તિ છે તેથી કર્મ જીવને નચાવી શકતા નથી. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે.

વાસ્તવિક તત્ત્વના ભાન વિના અજ્ઞાની જીવ અતત્ત્વમાં લીન રહે છે. झूठहीकौं दौरै। માન્યતા જૂઠી છે તેથી પ્રરૂપણા પણ જૂઠી કરે છે અને તેને જ સિદ્ધ કરવા માગે છે. સાચ–જૂઠની પરીક્ષા પોતાની જ્ઞાનદૃષ્ટિથી જ થઈ શકે છે. અજ્ઞાનીને તેની પરીક્ષા હોતી નથી.

જેમ, મણિને ઝવેરી જ પરખી શકે છે. એક વાત આવે છે ને ! એક માણસ પરદેશથી એક મણિ લઈ આવ્યો હતો તેણે તેની સ્ત્રીને આપ્યો કે આ ઘરમાં રાખવો એટલે તેના પ્રકાશથી આપણું કામ ચાલશે. દીવો નહિ કરવો પડે એટલી કેરોસીનની બચત થશે. એકવાર એક ઝવેરી તેના ઘર પાસેથી પસાર થયાં તે પ્રકાશ જોઈને જ સમજી ગયાં કે આ તો મોટા મણિનો પ્રકાશ છે. પહેલાંને કહે છે તારે જોઈએ તેટલી સોનામહોર અમારી પાસેથી લઈ જા અને આ મણિ મને આપી દે. ત્યારે પહેલાંને મણિની કિંમતનો ખ્યાલ આવે છે. અરે ! આવી આ ચીજ છે. હું જ્યાં હતો ત્યાં તો આવા મણિ બહુ જ હતાં પણ હું તો તેને પથ્થર માનતો હતો એટલે વધારે લાવ્યો નહિ.

મણિના અજાણ માણસની જેમ અજ્ઞાની તત્ત્વનો અજાણ છે, જ્ઞાની જ તત્ત્વના સ્વરૂપને સમજે છે. દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય તો શુદ્ધ છે અને પરના આશ્રયે થાય તો અશુદ્ધ છે એવું વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાની જ જાણે છે.

અજ્ઞાની તો રાગાદિની એકત્વબુદ્ધિમાં પડ્યો છે તે તત્ત્વના મર્મને જાણતો નથી. જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ–જ્ઞાનલોચન ખુલી ગયા છે અને પોતાના સ્વરૂપમાં જ લીનતા છે તેથી વસ્તુસ્વરૂપના મર્મને બરાબર જાણે છે. અજ્ઞાનીને જ્ઞાનલોચન ખુલ્યા નથી અને ખીલ્યાં નથી તેથી સત્ય સ્વરૂપને જાણતો નથી.

जाको जैसै स्वांग—જેનું જેવું સ્વરૂપ છે તેવી પરિણતિ તે કરે છે. મિથ્યાદૃષ્ટિની પરિણતિ મિથ્યાત્વમય છે અને જ્ઞાનીની પરિણતિ જ્ઞાનમય છે અને તે જ્ઞાનમયભાવને જ કરે છે. ઝવેરી હીરાનો આદર અને કાંચનો અનાદર કરે છે તેમ જ્ઞાની તત્ત્વનો આદર અને અતત્ત્વનો અનાદર કરે છે. અર્થાત્ તત્ત્વના યથાર્થસ્વરૂપને ગ્રહણ કરે છે અને અતત્ત્વને માનતો નથી.

જેવી ક્રિયા તેવું ફળ

बंध बढ़ावै अंध ह्वै, ते आलसी अजान ।
मुकति हेतु करनी करैं, ते नर उद्दिमवान ॥११॥

અર્થ :—જે વિવેકહીન થઈને કર્મની બંધપરંપરા વધારે છે તેઓ અજ્ઞાની તથા પ્રમાદી છે અને જે મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેઓ પુરુષાર્થી છે.

ધર્મી તો રાગથી છૂટવાની અને સ્વભાવમાં એકતાની કરણી કરે છે. સ્વભાવની

એકતાનો પુરુષાર્થ કરે છે તેને જ ઉદ્યમવાન કહ્યો છે. મિથ્યાત્વનો ઉદ્યમ કરે છે તેને સમ્યક્ત્વનો ઉદ્યમ નથી તેથી તેને આળસુ કહ્યો છે. મિથ્યાત્વનો ઊંધો ઉદ્યમ તો એ ઘણો કરે છે પણ તેને ઉદ્યમ કહેતા નથી. સાચા પુરુષાર્થનું એ સ્વરૂપ નથી.

હવે ૫ મા શ્લોક ઉપર ૧૨ મુ પદ્ય કહે છે.

જ્યાં સુધી જ્ઞાન છે ત્યાં સુધી વૈરાગ્ય છે.

जबलग जीव सुद्धवस्तुकौं विचारै ध्यावै,
तबलग भोगसौं उदासी सरवंग है ।
भोगमैं मगन तब ग्यानकी जगन नांहि,
भोग अभिलाषकी दसा मिथ्यात्व अंग है ।।
तातैं विषय–भोगमैं मगन सो मिथ्याती जीव,
भोगसौं उदास सो समकिती अभंग है ।
एसी जानि भोगसौं उदास ह्वै मुकति साधै,
यहै मन चंग तौ कठौती मांहि गंग है ।।१२।।

અર્થ :—જ્યાં સુધી જીવનો વિચાર શુદ્ધ વસ્તુમાં રમે છે ત્યાં સુધી તે ભોગોથી સર્વથા વિરકત રહે છે અને જ્યારે ભોગોમાં લીન થાય ત્યારે જ્ઞાનનો ઉદય રહેતો નથી. કારણ કે ભોગોની ઈચ્છા અજ્ઞાનનું રૂપ છે. તેથી સ્પષ્ટ છે કે જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરકત છે તે સમ્યગ્દષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરકત થઈને મોક્ષનું સાધન કરો ! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે ગંગાસ્નાન સમાન છે અને જો મન મિથ્યાત્વ, વિષય–કષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી.

જુઓ ! આમાં સિદ્ધાંત એ સિદ્ધ કરવો છે કે ધર્મી શુદ્ધ આનંદમય વસ્તુનો ભોગ કરે છે અને વિષયભોગ આદિથી તો એ ઉદાસ છે. ભોગની કલ્પનાથી પણ તેને વૈરાગ્ય છે. કારણ કે તેને પરમાં સુખબુદ્ધિ જ નથી તેથી એ પરથી ઉદાસ–ઉદાસ છે.

કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા...જે વિષયની વાસનામાં લીન છે તેને જ્ઞાનની જાગૃતિ નથી. તેનું જ્ઞાન આંધળુ થઈ ગયું છે તેથી એ અજ્ઞાની વિષય–કષાયના ભાવને કરે છે અને ભોગવે છે. જ્ઞાનીને પણ અસ્થિરતાવશ વિષયભોગાદિ હોવા છતાં રાગમાં એકતા નહિ હોવાથી જ્ઞાની વિષય ભોગથી ઉદાસ છે. આત્મામાં એકતા હોવાથી ઈન્દ્રાણીના ભોગ હોય તેમાં પણ તે ઉદાસ છે. પરમાં ક્યાંય તેને

સુખનો રસ આવતો નથી. ગમે તેટલા પૈસા થાય, છોકરાઓ સારાં પાકે કે સરસ મજાના મકાન અને વાસ્તુ થાય તોપણ ધર્મીજીવ તે પરના ભોગથી ઉદાસ છે. લોકો તેના પૈસા–મકાન આદિના વખાણ કરતાં હોય તોપણ ધર્મી તેનાથી ઉદાસ–ઉદાસ છે–મારો આનંદનો ભોગવટો મારી પાસે છે, પરચીજમાં મારો આનંદ નથી.

વીશ વર્ષનો યુવાન પુત્ર છ મહિનાના પરણેતર પછી ગુજરી ગયો હોય તેનું મોઢું જોતાં પિતાને શું હરખ હશે! તેમ ધર્મીને દુનિયાના ભોગો જોતાં હરખ નથી પણ ખેદ છે—ઉદાસી છે. આત્માના આનંદ સિવાય ક્યાંય તેને સુખ લાગતું નથી. સ્મશાનમાં મડદું બેઠું હોય તેમ ધર્મી દુનિયામાં રહે છે. આત્માના આનંદના સ્વાદ પાસે આખી દુનિયાના ભોગનો રસ તેની દૃષ્ટિમાંથી ઊડી ગયો છે.

અજ્ઞાનીને ભોગોમાં રસ આવે છે. તેમાંય કોઈ વખાણ કરે તો અંદરથી ગલગલિયાં થઈ જાય છે. અજ્ઞાની રાગમાં લીન છે. પરમાં સુખબુદ્ધિ હોવાથી તેનું જ્ઞાન આંધળુ થઈ ગયું છે. ભૂખ લાગી હોય અને ગળ્યા સાટા મળી જાય ત્યાં તો અજ્ઞાની રાગમાં વિલસી જાય. જ્ઞાની એવા પ્રસંગમાં પરથી ઉદાસ હોય છે. એ ખાતાં–પીતાં દેખાય પણ ખરેખર જ્ઞાની ખાતાં–પીતાં નથી.

અજ્ઞાની તો શરીરની સુંદરતા અને અવયવોની નમણાઈ જુએ ત્યાં લીન થઈ જાય છે. તેને ચૈતન્યની જાગૃતિ રહેતી નથી. પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વનું જ અંગ છે. આનંદસ્વરૂપ આત્માની રુચિ નથી તેને ભોગની જ રુચિ હોય છે. પાંચ ઈન્દ્રિયના વિષયભોગમાં લીન છે તે મિથ્યાત્વીજીવ છે અને ભોગોથી જે ઉદાસ છે તે સમકિતીજીવ છે.

ભોગોથી ઉદાસ એવા સમકિતી જ મુકિતને સાધે છે.

यहै मन चंग तौ कठौती मांहि गंग है।—જેનું મન નિર્મળ છે તે કથરોટમાં પાણી લઈને નહાય તોપણ ગંગાસ્નાન છે તેમ ભોગોથી ઉદાસ જ્ઞાની તો નિજઘરના આનંદને ભોગવે છે. અજ્ઞાની રાગમાં એકાકાર થઈને આત્માની ગંગાને છોડી દે છે.

આ બંધનો અધિકાર છે તેથી એ સિદ્ધ કર્યું કે અજ્ઞાનમાં બંધ છે અને જ્ઞાનમાં બંધ નથી.

(ક્રમશઃ)

[તા. ૯-૧-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : 'શ્રી ઇષ્ટોપદેશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**અધ્યાત્મ–સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં સાનંદ સંપન્ન કલશારોહણ–મંગલમહોત્સવ**

અત્યંત પ્રસન્નતાપૂર્વક જણાવવાનું કે–અધ્યાત્મમાર્ગપ્રભાવક જિનેન્દ્રભકત પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ તદ્‌ભકત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર પ્રતાપે તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની આશિષવર્ષી મંગલ ઉપસ્થિતિમાં, અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ) માં નિર્મિત જિનાલયોના સુવર્ણમંડિત કલશોને નીચે ઉતારીને પુનઃ સુવર્ણથી વિભૂષિત કરાવીને શિખરપર કલશોના આરોહણનો મંગલ મહોત્સવ તા. ૧૯-૧૨-૦૧ થી તા. ૨૦-૧૨-૦૧ બે દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત સાનંદ સંપન્ન થયો. એક જ સાથે સીમંધરસ્વામી જિનમંદિર, સમવસરણ તથા નંદીશ્વર જિનાલયના કુલ ૭ કળશોનો આ મહોત્સવ સૌધર્માદિ ઇન્દ્રો, અષ્ટકુમારિકા દેવીઓ, નાંદીવિધાન, યાગમંડલવિધાન, જલયાત્રા, કળશશુદ્ધિ આદિ ભરચક કાર્યક્રમ સહિત સુવર્ણપુરીમાં જાણે મીની પંચકલ્યાણક ઉજવાઈ રહ્યો હોય એવો મંગલમય લાગતો હતો.

અત્યંત અલ્પસમયમાં જેનું આયોજન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા કરવામાં આવેલું એવા આ સીમંધરાદિ જિનાલયોના કલશોને પુનઃ સુવર્ણમંડિત કરવાનું આયોજન સાંભળી શ્રી નાનાલાલભાઇ જસાણી પરિવાર સહિત સર્વે મુમુક્ષુગણે પુનઃ કલશોને સુવર્ણથી વિભૂષિત કરવાનો લાભ અત્યંત ભકિતપૂર્વક લીધો. નિત્ય નવીન જિનેન્દ્ર મહોત્સવોથી

શોભતી સુવર્ણપુરીમાં છ એ સુવર્ણકલશોની શોભાયાત્રા અદ્‌ભુત હતી. પૂજ્ય ભગવતી માતાના ઘરે સર્વે કલશોને બિરાજમાન કરી ભકિતનો કાર્યક્રમ રાખેલ, પુનઃ ભકિતપૂર્વક કલશ–શોભાયાત્રા બધા જ મુમુક્ષુઓના દ્વાર પર થઈ આનંદમંગલમય પ્રવર્તતી રસિકભાઇ ડગલીના નવા મકાન પર પુરી થઈ હતી.

આ મંગલમહોત્સવનો શુભારંભ માગસર સુદ ૫, બુધવાર તા. ૧૯–૧૨–૦૧ ના રોજ સવારે ૭–૧૫ વાગે શાંતિજાપ પ્રારંભથી થયો. આ મહોત્સવમાં વિધિ અધ્યક્ષ શ્રી મહાવીર ભગવાનને વાજતે ગાજતે પરમાગમ મંદિરમાં ગંધકુટી પર બિરાજમાન કરવાનો લાભ શ્રી જયંતીલાલ ચિમનલાલ શાહ, નાયરોબી, નાંદી વિધાન કળશનો લાભ પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી, અખંડદીપ પ્રદીપનનો લાભ મંજુલાબેન શાંતીલાલ મોદી તથા ધર્મધ્વજારોહણનો લાભ વિજય ચિમનલાલ મોદી એ લીધો હતો. એ પછી ઇન્દ્રો દ્વારા આચાર્યઅનુજ્ઞા, ઇન્દ્ર પ્રતિષ્ઠા તથા યાગમંડલવિધાન વગેરે વિધિ કરવામાં આવી હતી. બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી જલયાત્રા તથા પંડિતરત્ન હિમ્મતભાઈની ઉપસ્થિતિમાં કલશશુદ્ધિ કરવામાં આવી હતી. સાંજે પૂ. ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન પછી વિડીયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના યાત્રાદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડીયો તત્ત્વચર્ચાનો કાર્યક્રમ હતો.

તા. ૨૦-૧૨-૦૧ના દિવસે સવારે કલશારોહણવિધિનો કાર્યક્રમ અદ્‌ભુત હતો. ત્રણે મંદિરોમાં પાલક બાંધવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ કળશનો શ્રી રૂપાળીબેન અમરચંદ ડગલી હ. પ્રજ્ઞાબેન રસિકલાલ ડગલી, બીજા કળશનો શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, ત્રીજા કળશનો ગીરધરલાલ ઠાકરશીભાઇ મોદી, ચોથા કલશનો શ્રી કસુંબાબેન ખીમચંદ ઝોબાલિયા હા. બ્ર. ચંદુભાઇ ઝોબાલિયા તથા તારાબેન ઝોબાલિયા, પાંચમા કલશનો શ્રી કાન્તીલાલ અમીચંદ કામદાર તથા પ્રવીણાબેન કાન્તીલાલ કામદાર, ચેન્નાઇ તથા છઠ્ઠા કલશનો શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશીએ કલશારોહણનો લાભ લીધો હતો.

આ મહોત્સવમાં–સૌધર્મઇન્દ્ર–શ્રી જયંતીલાલ ચિમનલાલ શાહ તથા સુશીલાબેન શાહ, નાયરોબી, ઇશાનઇન્દ્ર–શ્રી અનંતરાય વ્રજલાલ શાહ, જલગાંવ, સનતકુમાર ઇન્દ્ર–સતેજકુમાર મણીલાલ શાહ, લંડન, મહેન્દ્ર ઇન્દ્ર–વિકાસભાઇ મણીલાલ શાહ, ભાવનગર, બ્રહ્મઇન્દ્ર–રસિકભાઇ અમરચંદ ડગલી, લાંતવ ઇન્દ્ર–ચિમનલાલ ઠાકરશીભાઇ મોદી, આનત ઇન્દ્ર–આશિષ અનંતરાય ગાંધી, પ્રાણત ઇન્દ્ર–અનંતરાય ચુનીલાલ શાહ, અમદાવાદ, આરણ ઇન્દ્ર–દીપકભાઇ મનસુખલાલ દોશી તથા અચ્યુત ઇન્દ્રનો સુરુભાઇ મનસુખલાલ દોશીને લાભ મળ્યો હતો.

આ કલશારોહણ મહોત્સવમાં જિનાયતનો પર ધ્વજારોહણનો લાભ શ્રી જયકુમારજી જૈન દીલ્હી, શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાલિયા, શ્રી વિમળાબેન સારાભાઇ શાહ તથા ધીરજલાલ ભાઇલાલ ડેલીવાલા અને શ્રી જયપાલજી જૈન, દીલ્હીએ લીધો હતો.

જલયાત્રાના પ્રથમ કલશનો લાભ શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ, સુરેન્દ્રનગર તથા

બીજા કલશનો લાભ શ્રી લલીતાબેન દલીચંદભાઈ ખારા એ લીધો હતો.

શ્રી રસિકભાઈ ડગલીની ભાવનાનુસાર તેમના નવા મકાનમાં કલશોને બિરાજમાન કરી ત્રણ દિવસ સુધી ભક્તિનો કાર્યક્રમ રાખેલ હતો. તેમના તરફથી ત્રણે દિવસ પ્રભાવના તથા કલશારોહણના દિવસે સ્વામી વાત્સલ્ય (જમણ) રાખ્યું હતું.

આ મંગલ મહોત્સવમાં સંસ્થાને લગભગ ૮ લાખ રૂા. ની દાનરાશિ પ્રાપ્ત થઇ હતી.

અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ધર્મોપકારછાયામાં પ્રતિદિન પ્રવર્ધમાન તેઓ બંને સન્તોનો મંગલકારી ધર્મપ્રભાવનોદય !

---

## વૈરાગ્ય-સમાચાર :—

મુંબઈનિવાસી સ્વ.શ્રી પુનમચંદ મલુકચંદ ઝોબાળિયાના પુત્ર શ્રી નિકુંજ પુનમચંદ શાહ (વર્ષ-૩૭) તા. ૯-૧૧-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાંદરણાનિવાસી ગોવિંદભાઈ ત્રીકમભાઈ પટેલ (વર્ષ-૧૦૦) તા. ૨૮-૧૧-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી રંભાબેન ચંપકલાલ ગોપાણી (વર્ષ-૮૭) તા. ૨-૧૨-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-અમદાવાદ) રવિચંદભાઈ ઉમેદચંદ શેઠ (વર્ષ-૮૪) તા. ૧૯-૧૨-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દાહોદનિવાસી કાંતિલાલ છગનલાલ ગાંધી (વર્ષ-૮૮) તા. ૨૦-૧૨-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી કાંતાબેન ન્યાલચંદ દોશી તા. ૨૩-૧૨-૨૦૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

*

સોનગઢથી મુંબઈ માટે અમદાવાદથી ૨૨-૧૦ મિનિટે ઉપડતી 'ગુજરાત મેલ' ટ્રેઈન નંબર ૨૯૦૨માં, સ્લીપર-બર્થ રીઝર્વેશન માટે, કોચ નં. S4માં સીટ નં. ૪૫ અને ૪૬ના બે કવોટા સોનગઢથી આપેલ છે. એનું કનેકશન સોનગઢથી બપોરે ૧૬-૦૦ મિનિટે ઉપડતી 'ભાવનગર અમદાવાદ એકસપ્રેસ' (ઈન્ટરસીટી) ટ્રેઈન નંબર ૯૯૩૫નું મળે છે. સર્વે મુમુક્ષુઓને આ સગવડતાનો ઉપયોગ કરવા જાણ કરવામાં આવે છે.

## ગુજરાતના પ્રસિદ્ધનગર અમદાવાદ (ખાડિયા)માં પાર્શ્વનાથ દિગમ્બર જિનમંદિરમાં વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીના સમવસરણ–નિર્માણનો તથા વીસ વિદેહી જિનનો

## ✱ શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ ✱

(તા. ૨૦-૨-૨૦૦૨ થી તા. ૨૭-૨-૨૦૦૨)

અત્યંત આનન્દોલ્લાસ સાથે નિવેદન છે કે સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મમાર્ગના સ્વર્ણિમ– યુગપ્રવર્તક આપણા પરમતારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ સ્વાનુભવવિભૂષિત વિશિષ્ટોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી, આપણા આદરણીય ઉંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઇ જે. શાહના મંગલ આશીર્વાદથી, ગુજરાતપ્રદેશની પ્રસિદ્ધનગરી અમદાવાદ (ખાડિયા)માં, પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમલથી પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વનાથ દિગમ્બર જિનમંદિરના ઉપરના માળે, પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય બહેનશ્રીના પરમોપકારી વિદેહીનાથ શ્રી સીમંધર-ભગવાનની–શ્રમણસભામાં ભગવત્કુન્દકુન્દાચાર્યદેવની ખડગાસન પ્રતિમાયુક્ત–સંગેમરમર નિર્મિત ભવ્ય સમવસરણનું નવનિર્માણ, શ્રી સીમન્ધરસ્વામી વગેરે વીસ વિહરમાન વિદેહી જિનેન્દ્રોના વીતરાગભાવવાહી ભવ્ય જિનબિંબ તેમજ નીચે વિશાળ સ્વાધ્યાયકક્ષમાં પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમરમર નિર્મિત પ્રવચનભાવવાહી ભવ્ય પ્રતિમા (સ્ટેચ્યુ)નું સંસ્થાપન કરવાનું અમારા મુમુક્ષુમંડળ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ ભવ્ય સમવસરણ આદિના જિનેન્દ્રભગવંતોની મંગલમયી પ્રતિષ્ઠાનું આયોજન આગામી માઘ સુદી ૮, બુધવાર, તા. ૨૦-૨-૨૦૦૨ થી માઘ સુદી ૧૫, બુધવાર, તા. ૨૭-૨-૨૦૦૨ સુધી કરવામાં આવ્યું છે. ગુજરાતની પ્રસિદ્ધનગરી અમદાવાદમાં સર્વપ્રથમ નિર્માણ થનાર આ ભવ્ય સમવસરણના પંચકલ્યાણક પ્રતિષ્ઠાની મંગલ વિધિના શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ ભાઇ–બહેનોને અમદાવાદ પધારવા માટે અમારા મુમુક્ષુમંડળ તરફથી અતિ ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

નિમન્ત્રક—

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ, અમદાવાદ (ખાડિયા),

અધ્યક્ષ—અમૃતલાલ મલૂકચંદ ઝોબાલિયા

# કોને રાજી કરવા ને કોનાથી રાજી થવું ?

બીજાને રાજી કરવા અને બીજાથી રાજી થવા માટે આ જીવે અનંતવાર પોતાનો મહાન ઉત્તમ અવસર વ્યર્થ જ ગુમાવ્યો છે. માન-સન્માનની મીઠાશ વડે પ્રત્યક્ષ અનેક દુ:ખો સહન કરવા છતાં, એ દુ:ખોમાં પણ સુખ માને છે એ મોહી જીવોની કેવી મૂર્ખતા છે તે માટે પૂજ્ય ગુરુદેવ ખાસ દૃષ્ટાંત ફરમાવે છે.

બે કૂતરા હતાં, તેમાં એક સફેદ કૂતરો શેઠીયાની શેરીમાં રહેતો અને મોજ મજા કરતો હતો. તેને ખૂબ ખાવાનું મળતું હતું. બીજો કાળો કૂતરો ગરીબ અને લોભીની શેરીમાં રહેતો હતો. ત્યાં તે ખૂબ દુબળો થઇ ગયો. કોઇ ઘરમાં આવવા દે નહીં પણ માત્ર દંડા ખાવા મળે. એક દિવસ તે બન્ને કૂતરા મળ્યા, કાળા કૂતરાને બહુ જ દુબળો થઇ ગયેલો દેખીને ધોળા કૂતરાએ કહ્યું કે ભાઇ ! તું ગરીબોની શેરીમાં રહીને દુ:ખ કેમ ભોગવે છે ? મારી શેરીમાં આવ તો ખૂબ ખાવાપીવાનું મળશે અને આનંદ થશે. ત્યારે કાળો કૂતરો કહેવા લાગ્યો કે ભાઇ ! હું તારી શેરીમાં આવત, પણ મારી શેરીમાં ભૂખ્યો તરસ્યો રહીને અને લાકડીના માર ખાવા છતાં બે શબ્દોનું નામ સાંભળતાં મને બહુ મજા આવે છે. કેમ કે મારી શેરીમાં એક દેરાણી જેઠાણી રહે છે, તે રોજ રોજ ઝગડા કરે છે અને પરસ્પર એક બીજાને કહે છે કે ''તું કાળીયા કૂતરાની વહુ, તું કાળીયા કૂતરાની વહુ'' બસ આ બે શબ્દો સાંભળીને હું ભૂખ્યા પેટે રહીને લાકડીઓના માર ખાવા આદિનું બધુંય દુ:ખ ભુલી જાઊં છું અને તેમાં મને બહુ મજા પડે છે તેથી મને મારી શેરી છોડવી ગમતી નથી. પોતાની વહુ છે તેવા શબ્દ માત્રની મીઠાશમાં મૂર્ખ કૂતરો ભૂખ–તરસ ને લાકડીઓના માર ખાઈને મરવા તૈયાર થાય છે.

તેમ સર્વે સંસારી મોહી પ્રાણીઓ સંસારમાં અનેક પ્રકારના દુ:ખો ભોગવે છે, છતાં નામ અને યશના લોભમાં પિતા, પુત્ર, મિત્ર આદિ તરફથી 'તમે બહુ ભલા છો' વગેરે શબ્દો સાંભળીને ખુશી–ખુશી થઇ જાય છે. મમતા અને મોટાઇની મીઠાશ આડે બધા દુ:ખોને ભૂલી જાય છે. પણ હું પરથી અત્યંત જુદો, અનાદિ અનંત ચિદાનંદ આત્મા છું, સ્ત્રી, કુટુંબ, ધન આદિ કોઇ મારું નથી, મારું સુખ મારામાં જ ભર્યું છે—એમ યથાર્થ સમજે તો પરની મમતા છૂટી જાય, ચોરાશીના દંડા ખાવા છૂટી જાય અને પોતાની શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય.

*

# ❋ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❋

❀ સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. ૨૩૯.

❀ પ્રવચનસારની ગાથા ૮૦મા અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે તેમ કહ્યું ને સમયસાર ગાથા ૧મા કહ્યું કે જે અનંત સિદ્ધોને—સર્વજ્ઞોને પોતામાં સ્થાપે છે તે પોતાના આત્માને જાણે છે અને તે શ્રુતકેવળી થશે એટલે કે સમ્યગ્દૃષ્ટિ થશે ને પછી કેવળી થશે એમ કહ્યું. આહાહા! ગજબ વાત કરી છે. જેણે એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધોને- સર્વજ્ઞોને સ્થાપ્યા છે, જાણ્યા છે, આદર કર્યો છે, એનું લક્ષ રાગમાંથી ખસીને જ્ઞાનસ્વભાવની સન્મુખ જ જાય છે એવા શ્રોતાના આત્મામાં અનંતા સિદ્ધોને સ્થાપું છું એમ કહ્યું છે. જે શ્રોતા પોતે અનંતા સિદ્ધોને પોતામાં સ્થાપે છે એને ગુરુ સ્થાપે છે તેમ કહેવાય છે. આહાહા! જેણે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે તેણે પોતાને રાગથી ને સંસારથી ઉપાડી લીધો છે. જે પર્યાય અનંતા સિદ્ધોને પી ગઈ—જાણી લીધા એ પર્યાય દ્રવ્યને જાણવાને કામ કેમ ન કરે? જે પર્યાય અનંતા સિદ્ધોને સ્થાપે છે—જાણે છે તે પર્યાય દ્રવ્યમાં ઢળી જ જાય છે ને પોતાના દ્રવ્યને જાણે જ છે ને સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય જ છે. આહાહા! જેણે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે, જાણ્યા છે એ તે કાંઈ સાધારણ વાત છે! જેણે અનંતા સિદ્ધોની સ્થાપના કરી એના શ્રદ્ધા-જ્ઞાન દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે ને તે સિદ્ધ થયા વિના રહે નહિ એવા શ્રોતાને શ્રોતા તરીકે લીધા છે. ભાઈ! તારો આત્મા તારી પર્યાયની સમીપમાં જ છે, તેને તું જો! તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કર તો તને તારી પર્યાયની તાકાત કેટલી છે તે ખબર પડે! જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટિ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે. ૨૪૦.

❋

## ✻ પ્રથમ તો હું જરાય પરનો નથી ✻

પ્રથમ તો હું જરાય પરનો નથી, પર પણ જરાય મારાં નથી, કારણ કે સર્વ દ્રવ્યો તત્ત્વતઃ (-પરમાર્થે) પર સાથે સમસ્ત સંબંધ રહિત છે; તેથી આ ષટ્દ્રવ્યાત્મક લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારાં નથી.

—*શ્રી પ્રવચનસાર, ગાથા-૨૦૪*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com

Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦